અપીલ અરજી નં.૨૭૮ તા.૧–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ડો. દેવેન્દ્ર મહાડીક
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. દેવેન્દ્ર મહાડીકની તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી જનતાનગર કો.ઓ.સોસાયટી ટીપી –૬,ફા.પ્લોટ ૧૧૭ –૧૧૮–૨૪ ના બાંધકામો બાબત. (૧) સોસા.ના પ્લોટ નં.એ–૧ થી એ–૫, સીઓપી, બી–૧–એ–૪–૫ ની પૂર્વે ઓપન પ્લોટ વત્તા રસ્તાનું દબાણ તથા તે પરના પ્લોટ દીઠ બાંધકામોનો સર્વે કર્યાની વિગતો માહિતી અને કાર્યવાહી અને ગેરકાયદે બાંધકામો હેતુફેર માટે લીધેલ પગલાની વિગત વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૮/૨૦૧૦–૧૧

શ્રી ડો. દેવેન્દ્ર મહાડીકની તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી જનતાનગર કો.ઓ.સોસાયટી ટીપી –૬,ફા. પ્લોટ ૧૧૭ –૧૧૮–૨૪ ના બાંધકામો બાબત. (૧) સોસા.ના પ્લોટ નં.એ–૧ થી એ–૫, સીઓપી, બી–૧–એ–૪–૫ ની પૂર્વે ઓપન પ્લોટ વત્તા રસ્તાનું દબાણ તથા તે પરના પ્લોટ દીઠ બાંધકામોનો સર્વે કર્યાની વિગતો માહિતી અને કાર્યવાહી અને ગેરકાયદે બાંધકામો હેતુફેર માટે લીધેલ પગલાની વિગત વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/૯૦૬/૯૦૭ તા.૧૫–૧૧–૧૦ થી આપેલ જવાબ અસ્પષ્ટ અધૂરી વિગતનો અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૭ તા.૧૫–૧૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૧૧૨૭ તા.૨૪–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની તા.૧૮–૧૦–૧૦ ની ડાયરેકટર ઓફ પ્લાનીંગને સંબોધીને આઈ ડી નં.૭૬૦ ની મુળ અરજીની નકલ તથા સેન્ટ્રલઝોન તરફથી સદર અરજી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તેમજ અરજદારની તા.૬–૧૦–૧૦ ની અરજીની નકલ, શ.વિ. અને શ.વિ.ગૃહ નિર્માણ કાર્યાલયનો પત્ર નં.પાપુ/જસં/શ.વિ./૭૯/૩૦૪૧/૧૦ તા.૭–૧૦–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા.૩૦–૯–૧૦ ના રોજ કરેલ અરજીની નકલ, નોંધ વિભાગ, સા.વે.ઝોન/અઠવા તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૮૩૦ તા.૨૬–૧૦–૧૦ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને તા.૩૦–૯–૧૦ ની અરજી બાબતે આપેલ પ્રત્યુત્તર અંગેના પત્ર નં.અઠવા/આ.નં.૪૭૯૬ તા.૯–૧૧–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/૯૦૬ તા.૧૫–૧૧–૧૦ ના પત્રની નકલ તથા પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ, નોંધ વિભાગ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી ડાયેરકટર ઓફ પ્લાનીંગન અને જાહેર માહિતી અધિકારીને આઈ ડી નં.૭૬૦ થી સોસા.ની તા.૬–૧૦–૧૦ ની અરજીના અનુસંધાને થયેલ કાર્યવાહી અને લીધેલ પગલાની માહિતી. જે સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૦૧૫ તા.૧૯–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન અને ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જે સા.વે.ઝોન / અઠવા ખાતે આઈ ડી નં.૩૨૪ તા.૨૧–૧૦–૧૦ થી નોંધાયેલ. જેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીડીઓ/ ૩૫૪૮ તા.૨–૧૧–૧૦ થી " ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૧૧૭,૧૧૮ તથા ૨૪ વાળી મિલકત અંગે " જનતાનગર ટેનામેન્ટ કો.હા.સ.સો.લિ." ની તા.૬–૧૦–૧૦ ની અરજી અન્વયે અત્રેથી કોઈ કાર્યવાહી થયેલ નથી. જેથી તેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. " તેવું જણાવેલ છે. જે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી આરટીઆઈ હેઠળ માંગવામાં આવેલી માહિતી બાબતે અઠવાઝોન તરફથી તેમના પત્ર નં.૯૦૬ તા.૧૫–૧૧–૧૦ થી જણાવેલ છે કે તા.૯–૧૧–૧૦ ના રોજ પત્ર નં.સા.વે.ઝોન/આ.નં.૪૭૯૬ થી તમોને જાણ કરવામાં આવેલ છે તે પત્ર મુજબ માહિતીમાં છે. જે પત્રમાં ટીપી નં.૬ મજુરા –ખટોદરા ફા.પ્લોટ નં.૨૪–૧૧૭–૧૧૮ મિલ્કતમાં આવેલ જનતાનગર કો.હા.સો. લિ. ના સબ પ્લોટ નં.એ/૧ માં બંધાયેલ " લુથરા બંગલો" મા થયેલ બાંધકામ અંગે અઠવાઝોન ખાતેથી કાયદેસરની કાર્યવાહી ચાલુ છે. તેમજ સદરહુ સોસા. માં સબ પ્લોટ નં. એ/૨ માં આવેલ ગાર્ડન એવન્યુ હાઈરાઈઝ બિલ્ડીંગમાં જો

મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ થયેલ હોય તો તે અંગે ચકાસણી કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવા અઠવાઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસ ખાતુ મહાનગરપાલિકાને પત્ર નં.૪૧૦૬ તા.૪–૧૦–૧૦ તથા પત્ર નં.૪૨૫૮ તા.૧૨–૧૦–૧૦ , પત્ર નં.૪૪૪૪ તા.૨૨–૧૦–૧૦ થી જણાવવામાં આવેલ છે. તદઉપરાંત સદર સોસા.ના સબ પ્લોટ નં.એ–૩,એ–૪, અને એ–૫ માં ડી.સી આર મુજબ મંજુર થયેલ તેમજ સરકારશ્રીના ઈમ્પેકટના કાયદા હેઠળ નિયમબધ્ધ થયેલ બાંધકામ ઉપરાંત ત્યાર બાદ થયેલ ગેરકાયદેસર બાંધકામ અંગે મિલ્કતદારોને અઠવાઝોન તરફથી નં.૧૩૩ તા.૧૨–૧૦–૧૦ થી કારણદર્શક નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે." તેવું જણાવેલ છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૦ ની ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને આઈ ડી નં.૭૫૯ સોસા.ની તા.૩૦–૯–૧૦ ની તથા શહેર વિકાસ વિભાગ અને ગૃહ નિર્માણ વિભાગના તા.૭–૭–૧૦ ના પત્ર અરજીના અનુસંધાને થયેલ કાર્યવાહી અને લીધેલ પગલાની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન અને ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૧૪ થી તા.૧૯–૧૦–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જે અઠવાઝોન ખાતે સા.વે.ઝોન/આઈ ડી નં.૩૨૩ તા.૨૧–૧૦–૧૦ નોંધાયેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પ નં.ટીડીઓ/૩૫૫૦ તા.૨–૧૧–૧૦ થી ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૧૧૭,૧૧૮ ,૨૪ વાળી મિલકત અંગે " જનતાનગર ટેનામેન્ટ કો.હા.સ.સો.લિ. " ની તા.૩૦–૯–૧૦ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૭–૧૦–૧૦ ના પત્ર અન્વયે શહેર વિકાસ વિભાગ તરફથી કોઈ કાર્યવાહી થયેલ નથી. જેથી તેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસિથત થતો નથી. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૯૦૬ તા.૧૫–૧૧–૧૦ થી આરટીઆઈ હેઠળ માંગવામાં આવેલી માહિતી અઠવાઝોન તરફથી તા.૯–૧૧–૧૦ ના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૪૭૯૬ થી તમોને જાણ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જેની વિગત ફરીયાદ હકીકતમાં ઉપરના પેરામાં જણાવેલ છે.

અરજદારે તા.૧૮–૧૦–૧૦ ની જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તા.૬–૧૦–૧૦ ની અરજીમાં જણાવેલ વિગતો બાબતે થયેલ અને લીધેલ પગલાની માહિતી તથા અરજીની તારીખથી આજ દિન સુધી ઉકત બાબતે ખાતાએ કરેલ કાર્યવાહીની રીપોર્ટીગ તથા અન્ય કાર્યવાહી અને લીધેલ પગલાની વિગતો તથા સોસા.ના સભ્યોને મોકલેલ નોટીસની યાદી તથા પત્રની વિગતો ની માહિતી માંગતી અરજી કરેલ. બીજી અરજીમાં તા.૩૦–૯–૧૦ ની અરજીથી શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ગુજરાતના પત્ર નં.૭૯/૩૦૪૧/૧૦ નો તા.૭–૧૦–૧૦ ના અનુસંધાને થયેલ કાર્યવાહી તથા લીધેલ પગલાની માહિતી અરજીની તારીખથી આજ દિન સુધી ઉકત બાબતે ખાતાએ કરેલ કાર્યવાહી રીપોર્ટીગ તથા અન્ય કાર્યવાહી અને પગલાની માહિતી તથા જવાબો સોસા.ના રહીશોને આપેલ નોટીસ પત્રો તથા યાદીની વિગત તથા ત્રીજી અરજીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૭–૮–૧૦ ના હુકમ મુજબ લુથરા પબ્લીક ટ્રસ્ટની તા.૨૨–૧૧–૦૮, તા.૬–૧–૦૯ ની અરજીઓ અંગે નીચે જણાવેલ મુદ્દાઓ માટે જે તે પ્લોટની થયેલ કાર્યવાહી તથા પગલાની વિગતોની યાદીઓ તથા તેની નકલો આપવા મુદ્દા નં.૧ સોસા.ના પ્લોટ નં.એ–૧ થી એ–૫ તથા કોમન પ્લોટ એ/૪–૫ ની પૂર્વે આવેલ પ્લોટ તથા રસ્તાનું તથા તેના પર પ્લોટદીઠ બાંધકામોનો સર્વે કર્યાની વિગતો ,મીહતી કાર્યવાહી અને ગેરકાયદેર બાંધકામ હેતુ માટે લીધેલ પગલા. (૨) પેરા નં.૧ ના સંદર્ભે કોઈ નોટીસ પત્ર કરેલ હોય તો તેની ખાતાની રીપોર્ટીગ સહિતની પ્લોટદીઠ સર્વે કર્યાની તારીખ તથા જે તે પ્લોટ નંબર, નોટીસ નંબર, તારીખ તથા ડીફોલ્ટની વિગતે માહિતી. (૩) પેરા નં.૧ માં પ્લોટ હોલ્ડરોની માલીકીની ચકાસિયાની વિગતો તથા એ/૪ ની પૂર્વે આવેલ ખુલ્લા પ્લોટની માલીકી પુરાવની નકલ હોય અને બાંધકામ થયેલ હોય તો તે અંગે થયેલી કાર્યવાહીની નકલ. (૪) પ્લોટ નં.એ/૨ માં કેટલા માળની મંજુરી હતી અને કેટલા માળ બંધાયેલ છે સર્વેની માહિતી તે અંગેની કાર્યવાહી તથા એ/૧ અને ૨ અલગ કરેલ છે તે બાબતે થયેલ કાર્યવાહીની વિગત. (૫) સીઓપીના વપરાશ બાબતે અઠવાઝોનના તા.૧૦–૭–૦૯ ના પત્ર નં.૨૩૧૧ સંદર્ભે વપરાશ ભોગવતા બંધ કરવા કરેલ કાર્યવાહીની વિગત તથા તેની નકલની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ત્રણેય અરજીઓની માહિતી સા.વે.ઝોન/અઠવા/આ.નં.૪૭૯૬ તા.૯–૧૧–૧૦ ના પત્રથી આપવામાં આવેલ છે. જેમાં પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૯૨૫/૨૬/૨૭ તા.૧૫–૧૧–૧૦ થી અનુક્રમે પાના નંગ–૮૫ પ્રતિ રૂા.૨/–લેખે રૂા.૧૭૦/– , પાના નંગ–૫ પ્રતિ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૦/– , પાના નંગ–૮૫ પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૧૭૦ ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગેની વિગતો જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અપીલ તબકકે પૂરી પડાયેલ જણાતી નથી. જે બાબતે અરજદારે તા.૧–૧૨–૧૦ ના રોજ તા.૧૮–૧૦–૧૦ ની આઈ ડી નં.૩૧૩,૧૪,૧૫ અને ૨૩,૨૪ ની અરજી બાબતે આપે લ જવાબ અઠવાઝોન આ. નં. ૪૭૯૬ તા.૯–૧૧–૧૦ તથા આ.નં.૯૦૬/૦૭ અને ૯૨૫ ,૯૨૬ અને ૯૨૭ તા.૧૫–૧૧–૧૦ ના ડે.મ્યુ. કમિ.શ્રી ના નં.ટીડીઓ નં.૩૫૪૮ અને ૫૦ તા.૨–૧૧–૧૦ ના સંદર્ભે તા.૧–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલના મુદ્દા નં.૧ જેમાં અરજદારે સબ પ્લોટ એ/૧– ૨ ભેગા દર્શાવી પ્લાન મંજુર થયેલ હોવા છતાં અલગ તારવણી કરી સર્વે કરી એ/૨ હાઈરાઈઝ માટેની જવાબદારી અન્ય ખાતા પર નાંખી વિલંબની નિતીથી કાર્યવાહી થઈ રહેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે ફરીયાદ અને તકરાર નિવારણને લગતી છે. અને ગેરકાયદેસર બાંધકામો તથા પાર્કીગ બાબતે કોઈ માહિતીની વિગતો આપવામાં આવેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે પત્ર નં.અઠવા/આ.નં..૪૭૯૬ તા.૯–૧૧–૧૦ થી એ/૧ માં બાંધકામ બાબતે કાર્યવાહી ચાલુ છે જયારે એ/૨ માં જરૂરી કાર્યવાહી કરવા શહેર વિકાસ

વિભાગને પત્રો પાઠવવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જયારે પાર્કીગ બાબતે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અપીલના મુદ્દા નં.૨ સબ પ્લોટ નં. એ/૩–૪–૫ , બી–૧ અને એ–૫ ની પૂર્વે ખુલ્લી જમીન તથા રસ્તા દબાણ મંજુર લેઆઉટના સીઓપીમાં એ/૫ ની પૂર્વે તથા તેની ઉત્તરે માર્જીનમાં થયેલ ગેરકાયદેસર બાંધકામો તથા પાર્કીગ માટે તથા એ/૫ ની પૂર્વે ખુલ્લી જમીનની માલીકીની પુરાવાની વિગતો અને માહિતી આપેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ખુલ્લી જમીન રસ્તા દબાણ અને મંજુર લેઆઉટ ના સીઓપીમાં એ/૫ ની પૂર્વે માર્જીનના ગેરકાયદેસર બાંધકામો તથા ઓપન પ્લોટોની માલીકીના પુરાવાની વિગતો અરજદારને નહીં પૂરી પાડયાની રજૂઆત થયેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય તો દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. અપીલના મદ્દા નં.૩ સા.વે.ઝોન/અઠવા/૨૩૧૧ તા.૧૦–૭–૦૯ ના પત્રમાં જણાવ્યા મુજબ બીયુસી વિના વપરાશ ભોગવટો અટકાવવા કોઈ પગલા લીધાની માહિતી અને વિગતો આપેલ નથી. અરજદારે સદર મુદ્દામાં મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અપીલના મદ્દા નં.૪ અરજીઓમાં જણાવેલ મુદ્દા બાબતે મુદ્દાસર માહિતી અને વિગતોના જવાબો આપવામાં આવેલ નથી આપેલ જવાબ અસ્પષ્ટ અધૂરી વિગત અને ગોળગોળ પાટાફેર ગેરમાર્ગે દોરવનાર જવાબો આપેલ છે ખાતા તરફથી ફકત ગાળા ટાઈપ પ્લોટો માટે જ ટાર્ગેટ બનાવી ઝડપી કાર્યવાહી કરી જવાબ તથા સાંભળવા સુધીની કાર્યવાહી થઈ ચૂકેલ છે પરંતુ અરજીમાં જણાવેલ પેરા નં.૧ થી ૩ માં લુથરા તથા કાપડીયા ના સબ પ્લોટોમાં થયેલ કોમર્શીયલ ગેરકાયદેસર બાંધકામો માટે પરિણામલક્ષી કાર્યવાહી ન થાય અને તેના કૃત્યને બચાવી લેવા અને વિલંબની નિતી અપનાવી એક તરફી વલણ રાખી ગેરમાર્ગે દોરવણીથી મેળાપીપણામાં એક તરફથી કાર્યવાહી થતી હોવાનું સ્પષ્ટપણે જણાય છે. ખાતામાં એક સરખા ધોરણે ન્યાયી અને નિપક્ષ કાર્યવાહી થતી નથી આમ અરજદારે ન્યાયી અને નિપક્ષ તપાસ અને કાર્યવાહીને લગતી રજૂઆતો કરેલ છે. મુદ્દા નં.૪ માં અરજદારે કાર્યવાહી અને તપાસને લગતી રજૂઆ કરેલ છે. જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૦ ની અરજીઓથી માંગેલ માહિતી પૈકી અપીલના મુદ્દા નં.૨ માં અરજદારે કરેલ રજૂઆત સબ પ્લોટ નં. એ/૩–૪–૫ , બી–૧ અને એ–૫ ની પૂર્વે ખુલ્લી જમીન તથા રસ્તા દબાણ મંજુર લેઆઉટના સીઓપીમાં એ/૫ ની પૂર્વે તથા તેની ઉત્તરે માર્જીનમાં થયેલ ગેરકાયદેસર બાંધકામો તથા એ/૫ ની પૂર્વે ખુલ્લી જમીનની માલીકીની પુરાવાની વિગતો બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં ઉપલબ્ધ દફતરી વિગતે અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને જણાવવામાં આવે છે. તથા અપીલના મુદ્દા નં.૩ અને ૧ પાર્કીગ બાબતે અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે અરજદાર નિયમોનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અપીલના મુદ્દા નં.૧ પ્લોટ નં.એ/૧–૨ બાબતે અલગ તારવણી કરી વિલંબની નિતીની કાર્યવાહી થઈ રહેલ છે તેવી રજૂઆત ફરીયાદ તકરાર નિવારણને લગતી તથા અપીલના મુદ્દા નં.૪ માં કાર્યવાહી અને તપાસને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને જુદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન),ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી ડો. દેવેન્દ્ર મહાડીક